# મેઘરજ ઈન્દીરાનગર પાસે પોલીસ પર અસામાજિક તત્ત્વો દ્વારા હુમલો

## મહિલા પોલીસકર્મીઓની સાથે બિભસ્ત વર્તન કરતા શખ્સને અટકાવવા જતા એ.એસ.આઈ.ને લપડાક લગાવી જાનથી મારી નાખવાની ધમકી આપી

મેઘરજ, તા. ૨૪

અરવલ્લી જીલ્લાના મેઘરજ પંથકમાં મોહરમ પર્વને લઈને નગરમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમાટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને સઘન પેટ્રોલિંગ હાથ ધરાયું હતું. મહોરમ પર્વની અગાઉની રાત્રીએ બે મહિલા કોન્સ્ટેબલ ફરજના મેઘરજના ઈન્દીરાનગર જવા નીકળ્યા હતા ત્યારે પંચાલ રોડ પરથી પસાર થતા સમયે રાજગોળ ગામનો મોહનભાઈ હોજાભાઈ ડામોર નામનો શખ્સ અગમ્ય કારણોસર બંને મહિલા પોલીસ કર્મીને મનફાવે તેમ ગાળો બોલી બિભસ્ત વર્તન કરતા પોલીસજીપ ઘટનાસ્થળે પહોંચી એએસઆઈ લાલાભાઈ મોંઘાભાઈ પરમાર પોલીસ જીપમાંથી ઉતરી શખ્સને સમજવાનો પ્રયત્ન કરતા એકાએક ઉશ્કેરાઈ જઈ એએસઆઈને બેત્રણ થપ્પડ ઝીંકી દઈ જાનથી મારી નાખવાની ધમકી અપાતા અન્ય પોલીસકર્મીઓ દોડી આવી મોહનભાઈ હોજાભાઈ ડામોરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મેઘરજમાં મહોરમના તહેવારને લઈ શામળાજી પોલીસ સ્ટેશનમાંથી પોલીસ બંદોબસ્તમાં આવેલ બે મહિલા પોલીસ કર્મીઓ રાત્રે સાડા આઠેક વાગ્યાના અરસામાં ઈન્દીરા નગરમાં પોતાનો બંદોબસ્તના સ્થળે ચાલતા જતા હતા ત્યારે એક ઈસમ આ બે મહિલા પોલીસકર્મીઓને મનફાવે તેમ જેમ તેમ બોલવા લાગેલો અને મહિલા કર્મીઓએ મનફાવે તેમ ન બોલવાનુ કહેતા ઈસમ એકદમ ઉશ્કેરાઈ જોર શોરથી બુમો પાડતો હતો તે દરમ્યાન જનરલ પેટ્રોલીંગમાં નીકળેલ મેઘરજ પોલીસના કર્મીઓ ઈન્દીરાનગર પંચાલ રોડ પર પહોંચતા એક ઈસમ મહિલા પોલીસ કર્મીઓ સામે ગાળો બોલતો હોવાથી મેઘરજ પોલીસ કર્મીઓ સરકારી ગાડીમાંથી નીચે ઉતરી માથાકુટ કરનાર ઈસમને મનફાવે તેમ નબોલવાનુ કહેતા મામલો બિચક્યો હતો અને આ ઈસમે મેઘરજ પોલીસ સ્ટેશનના એએસઆઈની વર્ધીનો કોલર પકડી લીધો હતો અને કહેતો હતો કે તુ મારૂ શુ કરી લેવાનો છે અને અહિથી ચાલ્યો જા નહી તો તારૂ ખુન કરી નાખીશ તેવુ કહી આ ઈસમ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને મેઘરજના એએસઆઈને મોઢા ઉપર બે ચાર લાફા ફટકાર્યા હતા અને એએસઆઈને જમીનપર નીચે પાડી દઈ ગડદાપાટુનો માર માર્યો હતો. અને અન્ય પોલીસ કર્મીઓ આવતા આ ઈસમ ઘટના સ્થળેથી ભાગી પોતાના ઘરે જતો રહ્યો હતો અને ત્યારબાદ હાજર તમામ પોલીસ કર્મીઓએ ગાળો બોલનાર ઈસમ મોહન ડામોરને કોર્ડન કરી ઝડપી પાડ્યો હતો અને આ ઈસમ વિરૂધ્ધ મેઘરજ પોલીસે આરોપી મોહન હાંજા ડામોર રહે.રાજગોળ તા. મેઘરજ વિરૂધ્ધ ઈ.પી.કો કલમ ૩૩૨, ૫૦૪, ૫૦૬(૨) મુજબ ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.



## સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ મોડાસા ગાયત્રી પરિવાર દ્વારા સફાઈ અભિયાન હાથ ધરાયું

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૧૫ સપ્ટેમ્બરથી ૨ઓક્ટોબર સુધી સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવી રહયું છે ત્યારે આ સ્વચ્છતા અભિયાનને ગતિ આપવા ગાયત્રી પરિવાર મોડાસાએ આજે બસ સ્ટેન્ડ શ્રીરામ મત્ત માર્ગથી માલપુર રોડ સુધી સ્વચ્છતા અભિયાન હાથ ધર્યુ હતું. ગાયત્રી પરિવારના સ્વયંસેવકો દ્વારા રોડની બંને તરફ કચરાની સફાઈ કરી હતી. આ સ્વચ્છતા અભિયાનમાં નગરપાલિકાના મેયર સુભાષભાઈ શાહ વિશેષ રૂપે હાજર રહ્યા હતા. આ દરમિયાન સ્વચ્છતાગ્રહીઓએ ગાયત્રી મંત્રની સાથે સામૂહિક ગાન કરી સ્વચ્છતા અભિયાન ચલાવ્યું તેમજ આસપાસના રહેવાસી સૌને સ્વચ્છતા રાખવા અંગેની જાગૃતિ માટે વિનંતી કરવામાં આવી હતી. આ પ્રસંગે મોડાસા નગરપાલિકાના મેયર સુભાષભાઈ શાહ, હરેશભાઈ કંસારા, ધરમાભાઈ પટેલ, કાન્તિભાઈ ચૌહાણ, અરવિંદભાઈ કંસારા, મુકેશભાઈ સુરાણી, પિનાકીનભાઈ વ્યાસ, મનુભાઈ ભાટીયા, પરેશ ભટ્ટ, મંજુલાબેન ચૌહાણ, રંજનબેન કંસારા, અમીતાબેન, જશોદાબેન, રોહિણીબેન, કામિનીબેન, શિલ્પાબેન, હસુમતીબેન તેમજ સૌ પરિજન સ્વયંસેવક ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# "અગલે બરસ તું જલ્દી આના" : મોડાસાના નગરજનો હિલોળે ચઢ્યા : વરસતા વરસાદમાં ભક્તો હિલોળે ચઢ્યા

## મોડાસા સહીત અરવલ્લી જીલ્લામાં શ્રીજીને ભક્તોએ ભાવભીની વિદાય આપી : શોભાયાત્રામાં માનવમહેરામણ ઉમટી પડ્યું : વાજતે ગાજતે વિશાળ વિસર્જન યાત્રા

મોડાસા, તા. ૨૪

મોડાસા નગરમાં ગણેશ મહોત્સવનું વિસર્જનની ભવ્ય શોભાયાત્રામાં માનવમહેરામણ ઉમટી પડ્યું હતું. ટ્રેક્ટર, ઊંટલારી વગેરે સાથે નગરના રાજમાર્ગો ઉપર વાજતે-ગાજતે નીકળેલી શોભાયાત્રાનું ઠેર ઠેર ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. વિસર્જન યાત્રામાં વિઘ્નહર્તા ગણપતિદાદા રાજમાર્ગો, સોસાયટી વિસ્તાર અને રહેણાંક એરિયામાં પહોંચતા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ઢોલ-નગારા, ડીજે, ખંજરી, મંજીરા, ઘંટારવની જમાવટ અને અબીલ-ગુલાલની છોળો ધ્યાનાકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. મોડાસા નગર સહીત અરવલ્લી જીલ્લામાં સામુહિક સ્થળે, ઘર આંગણે અને ધંધા-રોજગારના સ્થળે પ્રસ્થાપિત કરેલા દુંદાળાદેવની વિદાય સમયે ભક્તોએ ભાવભીની વિદાય આપી હતી. વિસર્જન યાત્રામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. મોડાસાના ઓધારી તળાવમાં નગરપાલિકા તંત્ર દ્વારા બનાવેલ કુત્રિમ કુંડમાં ગણપતિદાદાનું વિસર્જન કરવામાં આવ્યું હતું.



અરવલ્લી જીલ્લામાં અનંત ચૌદસે મોડાસા શહેર સહીત અન્ય શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં ગણપતિ વિસર્જનની ભવ્યાતિભવ્ય યાત્રા યોજાઈ હતી. મોડાસા શહેરમાં બપોરના એક વાગ્યા બાદ રામપાર્ક કા રાજા, મેઘરજ રોડ યુથ જંક્શન, રિદ્ધિ સિદ્ધિ મનોકામના યુવક મંડળ, સાઈ ગ્રુપ ઓધારી યુવક મંડળ, સોનીવાડા, ભોઈવાડા, કડીયાવાડા સહિતના જાહેરસ્થળોએ અને ઘરે, ધંધા-રોજગાળના સ્થળે પ્રસ્થાપિત કરેલી ગણપતિદાદાની પ્રતિમાઓ ડીજેના, બેન્ડવાજા અને ઢોલીઓના તાલે ધીરે ધીરે પંડાલમાંથી વિસરાજન તરફ પ્રયાણ થતા સ્વયંભૂ નગરજનો વિસર્જન યાત્રામાં જોડાઈ ગયા હતા. "અગલે બરસ તું જલ્દી આના" અને "ગણપતિ બાપ્પા મોરયા" ના નાદ સાથે વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. વિસર્જન યાત્રા શાંતિપૂર્ણ યોજાય તે માટે પોલીસતંત્ર દ્વારા વિસર્જન યાત્રાના સાથે અને માર્ગો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. ગણેશજીની પ્રતિમાના વિસર્જન સમયે ભક્તોની આંખો ભીની થઈ ગઈ હતી અને ભારે હૈયે ભાવવિભોર બની રહેઠાણ સ્થળોએ પરત ફર્યા હતા.

## હાપાના રહીશની કાર વેચાણ લઈ પૈસા ન આપતા ચાર વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગર પાસેના હાપા ગામે રહેતા એક રહીશ પાસેથી અંદાજે નવ માસ અગાઉ ચાર જણાએ કાર વેચાણ લેવા માટે બાના પેટે કેટલીક રકમ આપી કાર લઈ ગયા બાદ આ ચાર શખ્સોએ કારની નક્કી કરેલી કિંમતના નાણાં સમયસર ભરપાઈ ન કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરતા હાપાના રહીશે રવિવારે ચારેય જણા વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

ગત તા. ૨૯-૧-૨૦૧૮ તેમની પાસેથી અમદાવાદના વિષ્ણુજી ઉર્ફે રાજદિપસિંહ ગાંડાજી ચાવડા, માણસા તાલુકાના બોરૂ ગામના વિજયસિંહ ચંદુસિંહ ઠાકોર, ગાંધીનગર જિલ્લાના કોલવડા ગામના મહેન્દ્રસિંહ જસવંતસિંહ વાઘેલા અને તેજ ગામના જીલુભા ભગુભા ચૌહાણે ભેગા મળીને હાપાના અનિરૂદ્ધ પરમાર પાસેથી કાર નં. જીજે૦૧ કેએસ૨૧૮૬ રૂ. ૩.૨૦ લાખમાં વેચાણ લેવાનું નક્કી કર્યુ હતુ.

જે પૈકી આ ચારેય જણાને અનુરૂદ્ધસિંહ પરમારને કાર પેટે રૂ. ૫૦,૫૦૦ બાના પેટે આપીને લઈ ગયા હતા અને રૂ. ૨.૭૦ લાખનો વાયદો કર્યો હતો. પરંતુ આ ચારેય જણાએ વાયદા મુજબ કારના પૈસા ન આપતા અનિરૂદ્ધસિંહે ચારેય જણા વિરૂદ્ધ રવિવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.





## મોડાસા માર્કેટયાર્ડના વેપારીઓ દબાણ દૂર કરવાની નોટિસ સામે જંગે ચઢ્યા

મોડાસા માર્કેટયાર્ડમાં દુકાનદારોએ દુકાનો આગળ ગેરકાયદેસર દબાણો ઉભા કરી દેતા માર્કેટયાર્ડમાં માલ વેચાણ અર્થે આવતા ખેડૂતોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાથી દબાણ કરનાર ૯૭ વેપારીઓને માર્કેટયાર્ડ દ્વારા દબાણ દૂર કરવા અગાઉ બે નોટિસ ફટકારવામાં આવી હતી. દબાણકારો માર્કેટયાર્ડની નોટિસ ગોળીને પી જતા દબાણો ન હટાવતા માર્કેટયાર્ડ દ્વારા ત્રીજી અને આખરી નોટિસ ફટકારી ૨૫ તારીખ સુધીમાં સ્વૈચ્છીક રીતે દબાણો નહિ હટાવવામાં આવે તો માર્કેટયાર્ડ જાતે દબાણો હટાવાવની ચીમકી ઉચ્ચારાતા માર્કેટયાર્ડના વેપારીઓ દ્વારા વિરોધ નોંધાવવા બે દિવસની હડતાલ નું શસ્ત્ર ઉગામ્યું છે. ત્યારે આગામી સમયમાં મોડાસા માર્કેટયાર્ડ દબાણકાર વેપારીઓ સામે નમતું જોખે છે કે પછી દબાણો દૂર કરવામાં આવશે તે જોવું રહ્યું.

## પ્રાંતિજના ધડી પાસે અજાણ્યા વાહનની ટક્કરથી ધડીના આધેડનુ મોત

પ્રાંતિજ, તા. ૨૪

પ્રાંતિજના ધડી ચોકડી હિંમતનગર-તલોદ રોડ ઉપર તા.૨૨-૯-૨૦૧૮ને સવારે ૧૦ કલાકે કોઈ અજાણ્યો વાહન ચાલક પોતાના કબજાનું વાહન તલોદ બાજુથી બેદરકારી અને ગફલતભરી રીતે પુરઝડપે હંકારીને લઈ આવી ધડી ચોકડીથી હિંમતનગર તરફ રોડની સાઈડમાં ચાલતા જતાં રાજેન્દ્રકુમાર ઉર્ફે રાજુભાઈ નરસિંહભાઈ જોષી મુળ રહે.ધડી. હાલ રહે. એવન ૧૦૨ નીલકંઠ રેસીડેન્સી નરોડા, નીકોલ રોડ નવા નરોડા અમદાવાદ કે જેવો પોતાના ખેતર તરફ ચાલતા જતાં હતાં તે સમયે તેઓને પાછળથી ટકકર મારી તેવોને અડફટે લેતા તેવોને માથાના ભાગે તથા શરીરે ઈજાઓ પહોચતા તેવોને તાત્કાલિક સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતાં પણ તેવોને વધુ સારવાર મળે તે પહેલા મોત નિપજ્યું હતું.



## ટીંટોઈ ગામમાં વારંવાર વીજ પાવર બંધ થતાં ગ્રામજનોમાં રોષ

મોડાસા તાલુકાનું ટીંટોઈ મોટામાં મોટું ગામ હોવા છતાં ગામ રહીશો છેલ્લા એક વર્ષથી વીજપાવર સામે જજુમી રહ્યા છે. આજના યુગમાં વીજળી એક અનિવાર્ય બાબત હોવા છતાં ટેકનીકલ ખામીને કારણે ગામમાં તેમજ ખેતરે વારંવાર વીજપાવર જતો રહે છે. આ અંગે વિદ્યુતબોર્ડના એન્જિનિયરને વારંવાર મૌખિક રજૂઆત કરવામાં આવી હોવા છતાં કોઈ નિકાલ કરવામાં આવતો નથી. તેથી આ સમસ્યાનું નિરાકરણ લાવવા માટે સમસ્ત ટીંટોઈ ગ્રામજનો દ્વારા ડેપ્યુટી એન્જિનિયરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# પાલનપુરમાં આયુષ્યમાન ભારત યોજનાનું કેન્દ્રીય મંત્રીના હસ્તે લોકાર્પણ

પાલનપુર, તા.૨૪

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આજે ઝારખંડના રાંચી ખાતે થી આયુષમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાની શુભ શરૂઆત કરાવી હતી જેમાં લાભાર્થીઓને ૫ લાખ સુધી બીમારીનો ખર્ચ વિના મૂલ્યે કરાશે. આજે બનાસકાંઠામાં પણ આ યોજનાઓ પ્રારંભ કેન્દ્રીય રાજયમંત્રી હરિભાઈ ચૌધરીના હસ્તે પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં કરાયો.

પ્રધાનમંત્રી દ્વારા આજે આયુષમાન જન આરોગ્ય યોજનાનો આજથી પ્રારંભ કરાયો જેમાં સમગ્ર દેશના ૫૦ કરોડો લાભાર્થીઓની સાથે ગુજરાતના ૪૪ લાખથી વધુ પરિવારના સવા બે કરોડ લોકોને વિના મૂલ્યે આ યોજનાનો લાભ મળશે જેમાં લાભાર્થીઓને ૫ લાખ રૂપિયા સુધીની મેડિકલ સારવાર બિલકુલ મફત મળશે જેમાં ગુજરાતની ૧૭૦૦ અને બનાસકાંઠાની ૭૦ ખાનગી અને સરકારી હોસ્પિટલોને આવરી લેવાઈ છે જેમાં બીમાર દર્દી બીલુકલ મફત સારવાર મેળવી શકશે.



બનાસકાંઠામાં પણ આજે આ યોજનાનો પ્રારંભ કેન્દ્રીય રાજ્યમંત્રી હરિભાઈ ચૌધરીના હસ્તે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખાતે કરાયો જેમાં જિલ્લાના ૫ લાભાર્થીઓને ગોલ્ડન ઈ-કાર્ડ આપવામાં આવ્યુ હતું. બનાસકાંઠામાં ૨ લાખ ૨૭ હજાર પરિવારને આ યોજનાનો લાભ મળશે. આ પ્રસંગે ગુજરાત વેર હાઉસિંગ નિગમના ચેરમેન મગનલાલ માળી, જીલ્લા કલેક્ટર સંદિપ સાંગલે, જીલ્લા વિકાસ અધિકારી બી એ શાહ, પાલિકા પ્રમુખ અશોકભાઈ ઠાકોર સહિત મહેમાનો મોટી સંખ્યા માં હાજર રહ્યાં હતાં.

## ભારે વરસાદ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કુલ્લુ જિલ્લામાં એક મહિલાનું મોત થયું છે. કુલ્લુ જિલ્લા માટે હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી છે.

નદીઓમાં પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. કુલ્લુના બજોરામાં તણાઈ જવાથી યુવતીનું મોત થયું છે. પંજાબ, હરિયાણા અને હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. અમૃતસરમાં ભારે વરસાદ જારી રહેતા અનેક જગ્યાઓએ વિશાળ ભુવા પડી ગયા છે જેના કારણે રસ્તાઓ બંધ કરવાની ફરજ પડી છે. ઉત્તર રેલવે દ્વારા અનેક ટ્રેનોને રદ કરી દેવામાં આવી છે જેમાં ચંદીગઢ-અમૃતસર સુપરફાસ્ટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત નવી દિલ્હી અમૃતસર, નવીદિલ્હી-જલંધર સિટી, ઈન્ટરસિટી એક્સપ્રેસને રદ કરવામાં આવી છે. ભટીંડા-જમ્મુ તાવી એક્સપ્રેસના રુટ બદલી દેવામાં આવ્યા છે. આ ટ્રેન હવે વાયા જલંધર શહેરથી પસાર થશે. લુધિયાણાના અનેક ગામોમાં પુરનું સંકટ તોળાઈ રહ્યું છે. સતલજ નદી નજીકના વિસ્તારોમાં લોકોને સુરક્ષિત ખસેડવામાં આવ્યા છે. પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ ઉપરાંત રાજસ્થાનના જુદા જુદા ભાગોમાં વરસાદ જારી રહ્યો છે. આ ઉપરાંત ગુજરાતના વિવિધ ભાગોમાં પણ ભારે વરસાદ થયો છે જેમાં ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતનો સમાવેશ થાય છે. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, ગુજરાતના વિવિધ ભાગોમાં વરસાદી માહોલ અકબંધ રહી શકે છે. પંજાબ, હરિયાણા અને હિમાચલમાં લોકોને સાવચેત રહેવા માટે હવામાન વિભાગ તરફથી સૂચના આપવામાં આવી છે.

## ઈન્ટરનેટ સ્પીડ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ઈન્ટરનેટ યુઝર્સની સંખ્યાની દ્રષ્ટિએ દુનિયામાં ભારત બીજા નંબરે છે, પણ હાલની બ્રોડબેન્ડ એવરેજ સ્પીડની દ્રષ્ટિએ ભારતનો નંબર ૧૪૯ દેશોમાં ૮૯મો છે. ૨૦૧૭ના ડિસેંબરના અંત સુધીમાં ભારતમાં ૪૮ કરોડ ૧૦ લાખ ઈન્ટરનેટ યુઝર્સ નોંધાયા હતા. દેશની કુલ વસ્તીનો આ ૩૫ ટકા હિસ્સો થાય.

દુનિયામાં સૌથી વધુ ઈન્ટરનેટ સ્પીડ ધરાવતા દેશોની યાદીમાં સાઉથ કોરિયા પહેલા નંબરે છે. ત્યાં ૨૮.૬ mbps સ્પીડ મળે છે. ટોપ-૫માં અન્ય છે – નોર્વે (૨૩.૫), સ્વીડન (૨૨.૫), હોંગકોંગ (૨૧.૯) અને સ્વિટ્ઝરલેન્ડ (૨૧.૭).

## મિશ્ર પ્રતિસાદ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મોટાભાગની દુકાનો બંધ જોવા મળી હતી. તો કોઈક ઠેકાણે બંધની અસર જોવા મળી ન હતી. સે-૨૪ માં વેપારીઓએ જડબેસલાક બંધ પાળ્યો હતો. સે-૭ માં પણ દુકાનો બંધ રહી હતી. શહેરમાં રહેણાંકમાં આવતા કોમ્પલેક્ષોની દુકાનો બંધ જોવા મળી હતી. જયારે સે-૨૨ ઉપરાંત ચ-૬ થી ઘ-૬ માર્ગ પર આસપાસ સ્થિત કોમ્પલેક્ષોમાં પણ દુકાનો બંધ રહી હતી.

આ ઉપરાંત સે-૭ માં રહેણાંક વિસ્તારમાં ધમધમતા દવાખાનોઓમાં પણ બંધની મિશ્ર અસર જોવા મળી હતી. કેટલાક દવાખાના અડધા શટરે ખુલ્લા રહ્યા હતા. ગાંધીનગરમાં અસરગ્રસ્ત વેપારીઓ દ્વારા જારી કરાયેલા બંધના એલાનની અસર શહેરમાં મિશ્ર જોવા મળી હતી. જો કે જે વેપારીઓ હેતુફેરના કિસ્સામાં ન આવતા હોય તે આ બંધમાં જોડાયા ન હતા.

## માર્કીંગ કરાયું

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ન્યાયના ધોરણે કામગીરી થાય તેવી લાગણી પ્રબળ બની છે. સે-૨૪ માં અગાઉ પણ તંત્ર દ્વારા દબાણકરોને નોટીસ આપવામાં આવી હતી. જયારે હેતુફેરના મામલે પણ તંત્ર દ્વારા નોટીસ આપી રહેણાંક વિસ્તારમાં આ પ્રવૃતિ બંધ કરી દેવા માટે સુચવ્યુ છે. શહેરમાં દબાણ હટાવ ઝુંબેશ ટોક ઓફ ધ ટાઉન છે. ત્યારે તંત્રની કામગીરી તેમજ ગતિવિધિઓ તરફ પણ સતત વેપારીઓની મીટ મંડરાયેલી છે. આવા સંજોગોમાં દબાણો દુર કરવાની તેમજ હેતુફેરના કિસ્સામાં પણ તંત્ર દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહીના અંતે વેપારીઓ દુકાનો ખાલી કરવા સહીત વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવા માટે કામે લાગી ગયા છે. સે-૨૪ માં દબાણની સમસ્યા જટીલ છે. જયારે સેકટરમાં આજે પણ કેટલાક ઓટલા તોડીને તંત્રના અધિકારીઓએ શ્રીનગર વિસ્તારમાં રહીશોને દબાણના મામેલ ગુરુવાર સુધીની મુદત આપી હતી.

## ડેમેજ કંટ્રોલ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

દિવસમાં તેઓ સફળ થશે તેમ મનાઈ રહ્યુ છે. જોકે હાલ સત્તાવાર રીતે જિલ્લાના કોઈ નેતાઓ કંઈ બોલવા તૈયાર નથી પરંતુ ઘીના ઠામમાં ઘી જરૂર પડી જશે તેવો વિશ્વાસ વ્યક્ત કરી કહી રહ્યા છે.

બીજી તરફ વિવિધ સમિતિઓમાંથી રાજીનામા ધરી દેનાર સભ્યોને પણ મનાવી લેવાની કવાયત ચાલી રહી હોવાનું પક્ષના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

કોંગ્રેસ પક્ષના સૂત્રોમાંથી જાણવા મળતી વિગતો પ્રમાણે આ કામગીરીમાં પણ સારી એવી પ્રગતિ થઈ છે અને સામાન્ય સભા મળે તે પૂર્વે કોંગ્રેસ એકમત થઈ જશે તેવો વિશ્વાસ આ સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

જિલ્લા પંચાયતનું કોકડુ ઉકલે તે પછી જ સંગઠનના ફેરફારો અંગેની વિચારણા પ્રદેશ સમિતિ દ્વારા હાથ ધરાશે. રાજકીય વર્તુળોમાંથી મળતા નિર્દેશો મુજબ પ્રદેશ સમિતિ પંચાયતના બનેલા બનાવોને લઈ સખ્ત નારાજ છે અને એટલે જ હાલ સંગઠનના ફેરફારો અંગે થોભો અને રાહ જુઓની નીતિ અખત્યાર કરવામાં આવી રહી છે.

## એરપોર્ટ બન્યા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

૬૫ વર્ષમાં ૬૫ એરપોર્ટ બન્યા હતા. પૂર્વોત્તરની કનેક્ટીવીટીને વધારવાના પ્રયાસોનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે, આશરે ૬ દશક પહેલા એક નાનકડુ વિમાન આવ્યુંહતું. ત્યારબાદ છ દશક સુધી રાહ જોવાની ફરજ પડી છે. સિક્કિમ જ નહીં અરુણાચલ જેવા અન્ય રાજ્યોમાં પણ એરપોર્ટનું નિર્માણ થઈ રહ્યું છે. ૧૦૦ એરપોર્ટ ચાલુ કરી દેવામાં આવ્યા છે તેમાંથી ૩૫ એરપોર્ટ છેલ્લા ચાર વર્ષના ગાળામાં બન્યા છે. મોદીએ કહ્યું હતું કે, ડોમેસ્ટિક ફ્લાઈટના મામલામાં ભારત હવે દુનિયામાં ત્રીજા સૌથી મોટા માર્કેટ તરીકે છે. વિમાન કંપનીઓની પાસે હવે વિમાન ઓછા પડી રહ્યા છે. ઉડ્ડયન સેક્ટરમાં આંકડા આપતા મોદીએ કહ્યું હતું કે, સ્વતંત્રતાના ૭૦ વર્ષમાં દેશમાં આશરે ૪૦૦ વિમાન સેવા આપી રહ્યા હતા. હવે સ્થિતિ એ છે કે, વિમાની સેવા આપનાર કંપનીઓ આ એક વર્ષના ગાળામાં જ ૧૦૦૦ નવા વિમાનોનો ઓર્ડર આપી ચુકી છે. આનાથી જાણી શકાય છે કે, હવાઈ ચંપલ પહેનાર લોકોને વિમાની યાત્રા કરાવવાનું સપનાને અમે કેટલા ઝડપથી પૂર્ણ કરવાની દિશામાં આગળ વધી રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે, સિક્કિમની ખુબસુરતીને કેમેરામાં કેદ કરવા માટે હંમેશા લોકો ઉત્સુક રહે છે. પાક્યોંગ એરપોર્ટ બની ગયા બાદ વિમાની યાત્રીઓની સંખ્યામાં પણ ઉલ્લેખનીય વધારો થશે. તેમણે ઉમેર્યું હતું કે, જ્યારે અમે એક પશ્ચિમ બંગાળના બાગડોગરા વિમાની મથકથી ઉતરીને પાંચ છ કલાકની યાત્રા કરીને અહીં પહોંચવાની ફરજ પડતી હતી. હવે આ યોજના બાદ એકલાકની યાત્રા માટે માત્ર ૨૫૦૦ રૂપિયા ખર્ચ કરવા પડશે. આજે વિમાની યાત્રા રેલવે યાત્રા જેટલી સરળ બની ગઈ છે. પાક્યોંગિ વિમાની મથકની વાત કરતા તેમણે કહ્યું હતું કે, એન્જિનિયરિંગનો આ ઉત્કૃષ્ટ દાખલો છે. આના કારણે વૈજ્ઞાનિકોએ અભ્યાસ બાદ એન્જિનિયરોને યોગ્ય માર્ગદર્શન આપ્યું છે. છેલ્લા ચાર વર્ષના ગાળામાં જ તેઓ અહીં ઘણી વખત આવ્યા છે. ટ્યુરિઝમ સેક્ટર વધશે. એરપોર્ટ રોજગાર માટે ગેટવે સાબિત થશે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ